# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-07-2025 Day: Monday Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મિલકતના  હક્ક દર્શાવતી સનદ વિના મુલ્યે:

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોના મિલકતધારકોને રહેણાંકની મિલકતના હક્ક દર્શાવતી 'સનદ' હવે વિનામૂલ્યે અપાશે. રાજ્ય સરકારે મિલકતધારક પાસેથી 200 રૂપિયાની મોજણી એટલે કે સરવે ફી લઈને અપાતી સનદ હવે ગ્રામીણ મિલકતધારકોને નિઃશુલ્ક આપવાનો નિર્ણય કર્યો છે.

'સ્વામિત્વ' યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોના મિલકતધારકોને પ્રોપર્ટી કાર્ડની નકલ ઉપરાંત 'સનદ' પણ વિનામૂલ્યે મળતા તેમને સનદ મેળવવાના નાણાંકીય ભારણથી મુક્તિ મળશે. આનાથી અંદાજે 25 લાખ લોકોને લાભ થશે.

------------------------------------------------------------------------------------------------

## રાજ્યમા વરસાદ :

રાજ્યમાં વરસાદનું જોર યથાવત્ છે. આજે બપોરે 12 વાગ્યા સુધીમાં 60 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ચાર ઈંચ જેટલો વરસાદ અમદાવાદ સિટી તાલુકામાં વરસ્યો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 53 ટકાને વટાવી ગયો છે.

બીજી તરફ, હવામાન વિભાગે આજે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે રાજ્યના માછીમારોને આગામી 24 જુલાઈ સુધી દરિયો ન ખેડવા પણ સૂચના અપાઈ છે.

------------------------------------------------------------------------------------------------

## સેફ ઇસ્ટ કચ્છ કેમ્પેઇન:

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા સેફ ઇસ્ટ કચ્છ કેમ્પેઇન અંતર્ગત શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારે નાગરિકો, ઓદ્યોગિક એકમો, સામાજીક સંસ્થા અને શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના લોકોને પોતાના વિસ્તારમાં ઓછામાં ઓછો એક સીસીટીવી કેમેરો લગાડવાની અપીલ કરી છે.

(બાઇટ : સાગર બાગમાર)

---

## મગફળીનું વાવેતર:

અબડાસા તાલુકાના ગરડા વિસ્તારમાં આ વર્ષે મેઘરાજાની મહેર ઓછી થઇ છે જેના કારણે જમીનમાં ભેજ ઓછો હોવા છતાં, આ વિસ્તારમાં અંદાજે 80% જેટલી મગફળીની વાવણી સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવી છે. ખેડૂતો હવે આગામી દિવસોમાં સારા વરસાદની આશા રાખી રહ્યા છે, જેથી વાવેલા પાકને જીવન મળી શકે.  મગફળીનું વાવેતર પૂર્ણ થયા બાદ હવે આ પંથકના ખેડૂતોએ એરંડાની વાવણી પણ શરૂ કરી દીધી છે.

---

## ભુજ સાતમ-આઠમ મેળાની તૈયારી :

ભુજના હમીરસર કાંઠે દર વર્ષે ભરાતા સાતમ-આઠમ મેળાની તૈયારીઓ ભુજ નગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવી છે. આગામી 15 અને 16 ઓગસ્ટના બે દિવસ માટે યોજાનારા આ મેળાના કોન્ટ્રાક્ટ માટે નગરપાલિકાએ ટેન્ડર જાહેર કર્યા છે. હમીરસર તળાવના મહાદેવ નાકાથી લઇને ખેંગાર પાર્ક અને ઉમેદનગર તરફ જતા માર્ગ સુધીના વિસ્તારમાં મેળો ભરાય છે. આ વખતે 15મી ઓગસ્ટે રજા અને ત્યારબાદ શનિવાર અને રવિવાર હોવાથી મેળાના ત્રણ દિવસ ઉપલબ્ધ થશે. ભુજ ઉપરાંત કચ્છના ગ્રામીણ વિસ્તારના લોકો માટે આ મેળો વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે

---

## સરકારના 11 વર્ષ-વાડા પધ્ધરમાં કાર્યક્રમ:

સંકલ્થી સિદ્ધી સુધી સરકારના 11 વર્ષ અંતર્ગત વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓના લાભ માટે અબડાસા ભાજપ આપના દ્વારે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વાડાપદ્ધર ખાતે વિધવા સહાય, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, રાશનકાર્ડમાં નામ ઉમેરો, નામ કમી, પી.એમ. કિસાન સન્માન નિધિ, રાશનકાર્ડ ઇ-કેવાયસી, ખેડૂત રજીસ્ટ્રેશન અને આધારકાર્ડને લાગતી કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત 270 જેટલા લાભાર્થીઓએ વિવિધ સેવાનો લાભ લીધો હતો.

---

## વિરાણીયા ગામમાં વનીકરણ:

અદાણી ફાઉન્ડેશન મુંદરા અને આસપાસના વિસ્તારોને હરિયાળા બનાવવા કાર્યરત રહ્યું છે. મુંદરા તાલુકાના વિરાણિયા ગામમાં વનીકરણના પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત આ પ્રદેશમાં પાંચ હજાર વૃક્ષો વાવી ગાઢ જંગલ ઊભું કરવામાં આવશે. વિરાણિયામાં ચાર એકર જમીનમાંથી બાવળનાં વૃક્ષો દૂર કરી જમીન ફળદ્રુપ બનાવવામાં આવશે. તે માટે સંપૂર્ણ સફાઈ, ખેડાણ, વાડ બનાવાશે અને વાવેતર માટે ટપક સિંચાઈનો ઉપયોગ કરવામાં આવશે. ઉપજાઉ જમીન પર લગભગ 40 પ્રકારના વિવિધ સ્વદેશી ફળ, ફૂલ અને ઔષધીય છોડ રોપવામાં આવશે.

---